NAME OF THE SCHOOL
CONTACT NO.
MOBILE NUMBER :
ZONE - CODE :
CENTRE - CODE :

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
દ્વારા નિર્ધારિત ધોરણ - ૧૨ની પરીક્ષાનું ફોર્મ

ZONE NAME :
CENTRE NAME :



TYOE OF STUDENT - REGULAR / REGULAR REPEATER
ROLL NO. : 33 STD: 12 DIV: Science

## STUDENT'S GENERAL INFORMATION

- SURNAME :- PATEL
- NAME:- JAYDIPKUMAR
- FATHER'S NAME/ MOTHER'S NAME :- HASMUKHBHAI
- DATE OF BIRTH :- 5-10-2003
- MEDIUM : GUJARATI
- FATHER'S/ MOTHER'S / GUARDIAN'S:- PROFFESSION FARMING
- FATHER'S/ MOTHER'S / GUARDIAN'S:- ANNUAL INCOME 65,000/-
- CASTE :- HINDU TALPADA KOLI
- GENDER : MALE/ ~~FEMALE~~
- IS BPL : NO/ YES
- BPL CARD NO. :- 32100 80067 36065
- IS WIDOW CHILD: YES / NO

- SCHOOL INDEX: 61.095
- SCHOOL JOINING DATE :- 11-06-2019
- PRIMARY SCHOOL TYPE :- ~~PRIVATE~~/ DISTRICT
- GR.NO. :- 8461
- DOMICILE : - GUJARAT/ OTHER STATE NAME
- STATE NAME :- GUJARAT
- ADHAR CARD NO. :- 3223 2701 8045
- IS MINORITY : NO/ ~~YES~~
- MINORITY TYPE :- ~~MUSLIM / JAIN/ SHIKH~~
- Diesable ? :- ~~Yes~~ / no
- diesability type & percent:- —

## CONTACT INFORMATION

- FATHER'S/ MOTHER'S / GUARDIAN'S PERMANANT ADDRESS:- AT - GANDHU, TA - VALIA DI - BHARUCH
- DISTRICT :- BHARUCH
- CITY/ VILLAGE :- ANKLESHWAR
- STD-PHONE :- 97267 72167

- STUDENT'S E-MAIL:- ~~ramkabirschool@yahoo.in~~ Pateljaydip5102003@gmail.com
- TALUKO :- VALIA
- PINCODE :- 393135
- PERMANANT MOBILE NO.:- 9586200426
- (STUDENT'S/ PARENT'S) 9408730209

### STANDARD 10TH PASSING INFORMATION

| | | | |
|---|---|---|---|
| MONTH | March | YEAR | 2019 |
| BOARD | G.S.H.S.E.B. | SCHOOL INDEX | 61.095 |
| SEAT NUMBER | B-5111800 | RESULT | 63.6% |
| TAKEN HANDICAP BENEFIT FOR EXAM | — | PERCENTILE | 77.09% |

### STANDARD 11TH PASSING INFORMATION

| | | | |
|---|---|---|---|
| MONTH | — | YEAR | 2020 |
| SCHOOLINDEX | 61.095 | GROUP | G |

### SELECT SUBJECT FOR CURRENT EXAM

| GROUP | SUBJECT NAME | SUBJECT CODE | LANGUAGE |
|---|---|---|---|
| GROUP-1 | ENGLISH (S.L.) | 013 | GUJARATI |
| GROUP-2 | GUJARATI (F.L.) | 001 | GUJARATI |
| GROUP-3 | ORGINASATION OF COM | 046 | GUJARATI |
| GROUP-3 | ELEMENT OF ACCOUNTANCY | 154 | GUJARATI |
| GROUP-4 | ECONOMICS | 022 | GUJARATI |
| GROUP-4 | STATASTICS | 135 | GUJARATI |
| GROUP-4 | S.P. & C.C./ COM THEORY & PRAC | 337/331 & 332 | GUJARATI |

STUDENT'S SIGN (ONLY BLACK PEN)

Scanned with CamScanner

NAME OF THE SCHOOL
CONTACT NO.
MOBILE NUMBER :
ZONE - CODE :
CENTRE - CODE :

# ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
# દ્વારા નિર્ધારિત ધોરણ - ૧૦ની પરીક્ષાનું ફોર્મ

ZONE NAME :
CENTRE NAME :



**GROUP - REGULAR (COMMERCE)**

ROLL NO. : 35 STD: 10 DIV: G1

## ➡ STUDENT'S GENERAL INFORMATION

- SURNAME :- VASAVA
- NAME:- SAHILBHAI
- FATHER'S NAME/ ~~MOTHER'S~~ NAME :- RAMANBHAI
- DATE OF BIRTH :- 17/02/2005
- MEDIUM : GUJARATI
- FATHER'S/ MOTHER'S / GUARDIAN'S:- farmer PROFFESSION
- FATHER'S/ MOTHER'S / GUARDIAN'S:- 25,000 ANNUAL INCOME
- CASTE :- ST
- GENDER : MALE/ FEMALE
- IS BPL : NO/ ~~YES~~
- BPL CARD NO. :- NO
- IS WIDOW CHILD: ~~YES~~ / NO
- SCHOOL INDEX: ~~18.124~~ 61.180
- SCHOOL JOINING DATE :- 10/06/2019
- PRIMARY SCHOOL TYPE :- PRIVATE/ DISTRICT
- GR.NO. :- 0000001368
- DOMICILE : - GUJARAT/ ~~OTHER STATE NAME~~
- STATE NAME :- GUJARAT
- ADHAR CARD NO. :- NA
- IS MINORITY : NO/ ~~YES~~
- MINORITY TYPE :- MUSLIM / JAIN/ SHIKH
- Diesable ? :- ~~Yes~~ / no
- diesability type & percent:- —

## ➡ CONTACT INFORMATION

- FATHER'S/ MOTHER'S / GUARDIAN'S PERMANANT ADDRESS:- AT - umarkhadi

  DISTRICT :- Surat
- CITY/ VILLAGE :- umarkhadi
- STD-PHONE :- 6355949256
- STUDENT'S E-MAIL:- ramkabirschool@yahoo.in
- TALUKO :- umarpada
- PINCODE :- 394445
- PERMANANT MOBILE NO.:- 9879855689 (STUDENT'S/ PARENT'S) -

### ➡ SELECT SUBJECT FOR CURRENT EXAM

| SUBJECT STRUCTURE | SUBJECT NAME | SUBJECT CODE | LANGUAGE CODE | EXAM CONDUCT BY | PUT BEFORE SELECTED BY STUDENT |
|---|---|---|---|---|---|
| FIRST LANGUAGE | GUJARATI | 01 | 01GUJ | BOARD LEVEL | 01 - Gujarati |
| SECOND LANGUAGE-I | ENGLISH (S.L.) | 16 | 04ENG | BOARD LEVEL | 16- English(S.L) |
| SECOND LANGUAGE-II | ~~SANSKRIT~~ Hindi | 17 | 01GUJ | BOARD LEVEL | 14- Hindi (S.L) |
| SOCIAL SCIENCE | SOCIAL SCIENCE | 10 | 01GUJ | BOARD LEVEL | 10 - Social Science |
| SCIENCE & TECHNOLOGY | SCIENCE & TECHNOLOGY | 11 | 01GUJ | BOARD LEVEL | 11-Science and Tech. |
| MATHS | MATHS | 12 | 01GUJ | BOARD LEVEL | 12- Maths |
| | | | | | |

### ➡ OPTIONAL SUBJECT

| SUBJECT STRUCTURE | SUBJECT NAME | SUBJECT CODE | LANGUAGE CODE | EXAM CONDUCT BY | PUT BEFORE SELECTED BY STUDENT |
|---|---|---|---|---|---|
| OPTIONAL -I | COMPUTER THEORY | 24 | 01GUJ | SCHOOL LEVEL | |
| OPTIONAL -II | COMPUTER PRACTICAL | 51 | 01GUJ | SCHOOL LEVEL | |
| OPTIONAL -I | PT THEORY | 40 | 01GUJ | SCHOOL LEVEL | 40- P.T. Theory |
| OPTIONAL -II | PT PRACTICAL | 64 | 01GUJ | SCHOOL LEVEL | 64 P.T. Practical |

STUDENT'S SIGN (ONLY BLACK PEN) ➡ S.R.V

Scanned with CamScanner

# વહીવટી કાર્ય અવલોકન નોંધ

| ક્રમ | પત્રકો / દસ્તાવેજો | નિરીક્ષણ કરેલ પત્રકો / દસ્તાવેજો માટે (✓) ની નિશાની કરો | તારીખ | અવલોકન/ ચર્ચા/ ફોર્મ ભરવું | કાઉન્સેલરની સહી |
|---|---|---|---|---|---|
| ૧. | હાજરી પત્રક | ✓ | 12-10-2020 | અવલોકન | [signature] |
| ૨. | સામાન્ય પત્રક | ✓ | 12-10-2020 | અવલોકન | [signature] |
| ૩. | વિદ્યાર્થી પ્રગતિપત્રક | ✓ | 12-10-2020 | અવલોકન | [signature] |
| ૪. | વર્ગ બઢતીના નિયમો | | | | |
| ૫. | ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા માટેનું ફોર્મ | ✓ | 18-12-2020 | ચર્ચા | [signature] |
| ૬. | ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા માટેનું ફોર્મ | ✓ | 18-12-2020 | ચર્ચા | [signature] |
| ૭. | ડેડસ્ટોક રજિસ્ટર | ✓ | 28-10-2020 | ચર્ચા | [signature] |
| ૮. | કાર્યાલયનું ઈનવર્ડ રજિસ્ટર | ✓ | 28-10-2020 | ચર્ચા | [signature] |
| ૯. | કાર્યાલયનું આઉટવર્ડ રજિસ્ટર | ✓ | 28-10-2020 | ચર્ચા | [signature] |
| ૧૦. | શાળાનું મસ્ટર (સ્ટાફનું હાજરીપત્રક) | ✓ | 18-12-2020 | ચર્ચા | [signature] |
| ૧૧. | સ્ટાફની રજાચિઠ્ઠીના ફોર્મની માહિતી | ✓ | 18-12-2020 | ચર્ચા | [signature] |
| ૧૨. | લાયબ્રેરી ડેડસ્ટોક | ✓ | 18-12-2020 | ચર્ચા | [signature] |
| ૧૩. | પુસ્તકોની લેવડ દેવડનું રજિસ્ટર | ✓ | 18-12-2020 | ચર્ચા | [signature] |
| ૧૪. | પુસ્તકો ખરીદી રજીસ્ટર | ✓ | 18-12-2020 | અવલોકન | [signature] |
| ૧૫. | મેગેઝિન ખરીદી યોજના | ✓ | 18-12-2020 | અવલોકન | [signature] |

Scanned with CamScanner

# તાલીમાર્થીઓએ કરેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિનો મુદ્દાસર અહેવાલ (ફોટોગ્રાફ સાથે)
## (સેમેસ્ટર- ૩ માટે)

N.C.T.E. [National council for Teacher Education] દ્વારા રચિત બી.એડ્.ના અભ્યાસક્રમ મુજબ ઈન્ટર્નશીપ કાર્યક્રમ અંતર્ગત પાઠ આપવા, પાઠ નીરીક્ષણ કરવા, વહીવટી કાર્ય, ઈત્તરપ્રવૃત્તિ, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું હતું. તે પૈકી કોવિડ-19 મહામારીને કારણે તમામ કાર્યક્રમ અને પ્રવૃત્તિઓ થઈ શકી નથી. પરંતુ કેટલીક પ્રવૃત્તિઓ થઈ છે જેનો અહેવાલ હું અહીં રજૂ કરું છું.

શ્રી રંગ નવચેતન વિદ્યામંદિર,
વાલીયા

તા-19-12-2020, શનિવાર.

તારીખ 12-10-2020 ને સોમવારના રોજ B.Ed. ના દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ અંતર્ગત સાત અઠવાડિયાની ઈન્ટર્નશીપમાં "કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ" માં તાલીમ લેતા તાલીમાર્થીઓએ "શ્રી રંગ નવચેતન વિદ્યામંદિર, વાલીયા" શાળામાં વર્ચ્યુઅલ નવરાત્રિમાં સહભાગી થયા હતા. કોરોના મહામારીના કારણે વર્ચ્યુઅલ નવરાત્રિનું આયોજન ઓનલાઈન કરવામાં આવ્યું હતું. તે દરમિયાન 22-ઓક્ટોબર-2020 ના રોજ ઓનલાઈન વર્ચ્યુઅલ નવરાત્રીની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમની શરૂઆત નીચે મુજબ કરવામાં આવી હતી.

9:00 વાગ્યે → શ્લોક - નમો નમઃ

9:05 to 09:15 → આરતી [આદ્યાશક્તિ]

09:15 to 09:17 → ઉપાસના

09:17 :- ગરબા :- 1) ઝાંઝર ઓઢમા રે
2) માનો ગરબો
3) કુમકુમના પગલા પડયા

Scanned with CamScanner

## લીમાર્થીઓએ કરેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિનો મુદ્દાસર અહેવાલ (ફોટોગ્રાફ સાથે)
## (સેમેસ્ટર- ૩ માટે)



(શાળાનો ફોટો)



(વર્ચ્યુઅલ નવરાત્રિ)

09:38 - 09:50 → 1) ચપટીભરી ચોખા ને ઘીનો છે દીવડો ----
2) મા તારો ગરબો ----
3) અંબા આવો તો રમીએ ----
4) ટહૂકા કરતો જાય, મોરલો ----

→ શ્રી એસ. સી. ડિંડોળીયા સર, હિરેન સર અને અન્ય વિદ્યાર્થીનીઓ દ્વારા ખૂબ જ સારી રીતે અને આનંદદાયક રીતે નવરાત્રીની ઉજવણી કરી હતી. વિવિધ વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બધા શિક્ષકો ત્યાં હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ઓનલાઈન આ કાર્યક્રમમાં સહયોગ આપ્યો હતો.

ઘણા વિદ્યાર્થીઓ ઓનલાઈન રીતે વર્ચ્યુઅલ નવરાત્રિમાં જોડાયા હતા અને આનંદ માણ્યો હતો.






(વર્ચ્યુઅલ નવરાત્રિ)

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા યોજિત રમત-ગમત પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ

વર્તમાન સમયમાં covid-19 મહામારીને કારણે શાળામાં ઓનલાઈન શિક્ષણકાર્ય થતું હતું. ઓનલાઈન શિક્ષણકાર્ય માટે વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોન અને ઈન્ટરનેટ ની સુવિધા હોવી આવશ્યક છે. પરંતુ શ્રી રંગ નવચેતન વિદ્યામંદિર વાલીઆ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી ઘણાં વિદ્યાર્થીઓ પાસે સ્માર્ટફોનનો અભાવ હતો તેમજ નેટવર્કની પણ ઘણી સમસ્યાઓ ઉપસ્થિત થતી હતી, કોરોના મહામારીને કારણે શાળા કક્ષાએ પ્રત્યક્ષ હાજર રહેવું વિદ્યાર્થીઓ માટે ઘણું મુશ્કેલ અને ગંભીર બાબત હતી. આથી covid-19 મહામારી અને વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યા તેમજ મોબાઈલ અને ઈન્ટરનેટની સમસ્યાને કારણે આ ઈન્ટર્નશીપ દરમિયાન કોઈ રમતગમત પ્રવૃત્તિ યોજી શકાય નથી.

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા યોજિત રમત-ગમત પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત અહેવાલ

આદર્શ નિવાસી શાળા (કુ), અંકલેશ્વર
તા- ૧૭/૦૨/૨૦૨૧

તારીખ ૧૭/૦૨/૨૦૨૧, ૧૯-૦૨-૨૦૨૧ અને ૨૬-૦૨-૨૦૨૧ ના રોજ B.Ed. ના દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ અંતર્ગત સાત અઠવાડિયાની ઇન્ટર્નશીપમાં 'કોલેજ ઓફ એજ્યુકેશન ભરોડ"માં તાલીમ લેતાં તાલીમાર્થીઓ દ્વારા આદર્શ નિવાસી શાળામાં રમતગમત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ તો આ રમત-ગમત પ્રવૃત્તિ યોજવા માટે તાલીમાર્થીએ આચાર્યશ્રી 'એમ. એમ. ઠક્કર સર' પાસેથી મંજૂરી મેળવી હતી. ત્યારબાદ રમતોનું આયોજન કર્યું હતું. પ્રશિક્ષણાર્થીઓ અને શિક્ષકો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. આમ, અભ્યાસિક પ્રવૃત્તિઓ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થિઓના સર્વાંગીણ વિકાસ માટે રમતોત્સવનું કુશળ આયોજન કરવામાં આવ્યું.

રમતોત્સવમાં નીચે મુજબની રમતોને આવરી હતી

| તારીખ | વાર | રમતોનું નામ |
| --- | --- | --- |
| ૧૭/૦૨/૨૧ | બુધવાર | ક્રિકેટ (ટુર્નામેન્ટ) |
| ૧૯/૦૨/૨૧ | શુક્રવાર | ક્રિકેટ (ફાઇનલમેચ) |
| ૨૬/૦૨/૨૧ | શુક્રવાર | અંતાક્ષરી, સાચી શોધ |

ઉપરોક્ત બધી રમતો દર્શાવેલ તારીખ મુજબ બપોર ૩:૦૦ વાગ્યા પછી રમાડવામાં આવી હતી. ક્રિકેટ માટે વિદ્યાર્થિઓની ટીમ પાડવામાં આવી હતી. ત્યારબાદ ચાર ટીમ હોવાથી ટોસ કરી પ્રથમ બે ટીમને રમાડવામાં આવી હતી. ચાર ટીમમાંથી જે બે ટીમ જીતી હતી તેની ફાઇનલ મેચ ૧૯/૦૨/૨૦૨૧ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે રાખવામાં આવી હતી. વિજેતા ટીમને ૧૩ તાળીનું માન આપી વધાવી લીધા હતા. ૨૬-૦૨-૨૦૨૧ ના રોજ સાચી-શોધ અને અંતાક્ષરીની રમતનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓ ખૂબ આનંદથી રમત રમતા હતા. સાચી શોધમાં સાહિલ-ભાવેશ વિજેતા બન્યા હતા અને અંતાક્ષરીમાં ટીમ-A વિજેતા થઈ હતી. આથી તેમને ૧૩ તાળીનું માન આપી વધાવી લીધા હતા.

આમ, આ રમતગમતનો કાર્યક્રમ સમગ્ર ઇન્ટર્નશીપ દરમિયાન ખૂબ જ યાદગાર અને અવિસ્મરણીય બની રહ્યો.

Scanned with CamScanner

# તાલીમાર્થીએ કરેલ પ્રોજેક્ટ કાર્યનો સંક્ષિપ્ત અહેવાલ

N.C.T.E. દ્વારા રચિત બી.એડ્.ના બે વર્ષના નવા અભ્યાસક્રમ મુજબ દ્વિતીય વર્ષમાં સત્ર-3 માં સાત અઠવાડિયાની ઇન્ટર્નશીપના કાર્યક્રમ અંતર્ગત પ્રશિક્ષણાર્થીએ પોતાની પદ્ધતિ-1 માં એક પ્રોજેક્ટ બનાવીને કોલેજમાં જમા કરાવવાનો હોય છે. આથી પ્રશિક્ષણાર્થીએ પોતાની પદ્ધતિ-1 "વિજ્ઞાન"માં પ્રોજેક્ટ કાર્ય કરવાનું હતું. સૌપ્રથમ પ્રોજેક્ટનો વિષય નક્કી કરવાનો હતો. આથી આ વિષય નક્કી કરવામાં અમારી પદ્ધતિના પ્રધ્યાપિકા "ડૉ. પારુલ બી. ટંડેલ મેડમ" ખૂબ જ સારું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને પ્રોજેક્ટમાં કેવા પ્રકારના વિષયો લઈ શકાય તેની વિશે ખૂબ જ સારું માર્ગદર્શન આપ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણાર્થીએ પ્રોજેક્ટનો વિષય "ગલુડોમાં વેધ [ખોખમાં થતી કામર] નક્કી કર્યો.

વિષય નક્કી થઈ ગયા બાદ તો સૌ પ્રથમ પ્રાધ્યાપિકા મેડમે પ્રોજેક્ટની સામાન્ય માહિતી એટલે કે પ્રોજેક્ટમાં કયાં કયાં મુદ્દાઓ આવરી લેવા તે અંગેની માહિતી આપી. ત્યારબાદ દરેક વિદ્યાર્થીના વિષય અલગ અલગ હોવાથી દરેક પ્રશિક્ષણાર્થીને પોતાના પ્રોજેક્ટમાં કયા મુદ્દા લેવા તે અંગે વ્યક્તિગત માર્ગદર્શન આપ્યું.

સૌપ્રથમ મેં મારા પ્રોજેક્ટનો વિષય નક્કી કર્યા બાદ ઇન્ટરનેટ પરથી ગલુડોમાં વિશેની માહિતી મેળવી. ત્યારબાદ આ પ્રોજેક્ટ અંતર્ગત વિસ્તૃત માહિતી મેળવી. પ્રસ્તુત કાર્ય અંતર્ગત મેડમ દ્વારા પૂરતું માર્ગદર્શન મળી રહ્યું હતું. આથી હું મારા પ્રોજેક્ટના વિષયને ખૂબ જ સારી રીતે ન્યાય આપી શક્યો.

Scanned with CamScanner

# તાલીમાર્થીએ કરેલ પ્રોજેક્ટ કાર્યનો સંક્ષિપ્ત અહેવાલ




⇒ આ પ્રોજેક્ટ કાર્ય કરવાનો મને ખૂબ આનંદ થયો. કારણ કે હું આ વિશે પહેલા કઈ પણ જાણતો ન હતો. પરંતુ આ વિષય પસંદ કર્યા બાદ મને ગ્લુકોમા વિશે ઘણી માહિતી પ્રાપ્ત થઈ.

⇒ પ્રોજેક્ટનો અર્થ જ થાય છે કે " કુદરતી વાતાવરણમાં થતું સમસ્યાઉકેલ શોધવાનું કાર્ય."

ટૂંકમાં પ્રોજેક્ટ એ ઈચ્છાપૂર્વક તથા હેતુપૂર્વકનું કાર્ય છે. જેનો અમલ સામાજિક વાતાવરણમાં થાય છે. ઉપરાંત વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં પ્રોજેક્ટ ખૂબ જ અસરકારક નીવડે છે.

Scanned with CamScanner

# તાલીમાર્થીએ રચેલ TLM અંગે સંક્ષિપ્ત અહેવાલ

N.C.T.E. દ્વારા રચિત બી.એડ.ના બે વર્ષના નવા અભ્યાસક્રમ મુજબ દ્વિતીય કાર્યક્રમ અંતર્ગત પ્રશિક્ષણાર્થીઓ પોતાની પદ્ધતિ-૨ માં એક TLM [Teaching Learning material] બનાવીને કોલેજમાં જમા કરાવવાનું હોય છે. તો પ્રશિક્ષણાર્થીએ પોતાની પદ્ધતિ-૨- ગણિત વિષયમાં TLM બનાવવાનું હતું.

સૌપ્રથમ તો TLM અંગે અમારી પદ્ધતિના પ્રાધ્યાપિકા પારુલબેન બી. દંડેલ અને ધર્મીબેન પટેલે કયા વિષય પર TLM બનાવવું તેના વિશે માર્ગદર્શન આપ્યું. અને TLM કઈ રીતે બનાવવું તેના વિશેની વિસ્તૃત માહિતી આપી. તેમના આ માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણાર્થીએ "વર્તુળમાં જીવાએ કોઈ બિંદુએ આંતરેલો ખૂણો" પર TLM બનાવવાનું નક્કી કર્યું. પ્રસ્તુત TLMની મદદથી વર્તુળની સમાન જીવાઓ, વર્તુળના કેન્દ્ર આગળ સમાન ખૂણા આંતરે તેની સરળતાથી સમજ મેળવે તે રીતે આકર્ષક બનાવવામાં આવ્યું છે.

આમ, આ કાર્યને સફળ બનાવવા માટે મદદરૂપ થનાર પ્રાધ્યાપિકા પારુલ બી. દંડેલ મેડમ અને ધર્મીબેન પટેલ મેડમનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.



[TLM]

Scanned with CamScanner

## તાલીમાર્થીએ તપાસેલી નિબંધ / નક્શા / એસાઇન્મેન્ટ / પ્રયોગબુક સંદર્ભે સંક્ષિપ્ત અહેવાલ અને અવલોકનો

N.C.T.E. દ્વારા રચિત બી.એડ.ના બે વર્ષના નવા અભ્યાસક્રમ મુજબ સેમેસ્ટર-3 માં સમાવિષ્ટ સાત અઠવાડિયાની ઇન્ટર્નશીપ દરમિયાન "જુનિયર ટેસ્ટર" ની નોટબુકની ચકાસણીનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

આ કાર્ય સંલગ્ન હાજરીપત્રકના રજીસ્ટર વિશે માહિતી મેળવી અને હાજરીપત્રકનું અવલોકન કર્યું. વિદ્યાર્થીઓ દ્વારા લખવામાં આવેલ જુનિયર ટેસ્ટરની નોટબુક ચકાસણી સંલગ્ન ધોરણ- 9-બ ની ગણિત અને વિજ્ઞાન વિષયની નોટબુક તપાસી. નોટબુક તપાસતા માલૂમ પડ્યું કે વિદ્યાર્થીઓએ અક્ષર સુધારવાની ખૂબ જ જરૂર છે. તેમજ આકૃતિઓ વ્યવસ્થિત દોરવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવાની જરૂર જણાય છે.



[જુનિયર ટેસ્ટરની નોટબુક તપાસણી]

Scanned with CamScanner

# તાલીમાર્થીએ કરેલ ક્રિયાત્મક સંશોધનનો અહેવાલ

નોંધ: (સંશોધનનું ક્ષેત્ર, સમસ્યા, સંશોધનના હેતુઓ, ક્રિયાત્મક ઉત્કલ્પના, આયોજન અને અમલીકરણ, મૂલ્યાંકન અને અનુકાર્ય. આ સાત સોપાનોમાં અહેવાલની રજૂઆત કરવી.)

બી.એડ તાલીમના ભાગરૂપે તાલીમાર્થીઓએ આઠ અઠવાડિયાની ઈન્ટર્નશીપ કરવાની હોય છે. આ શાળા ઈન્ટર્નશીપ દરમિયાન કેટલીક પ્રવૃત્તિ હાથ ધરવાની હોય છે. જેમાં "ક્રિયાત્મક સંશોધન"નો પણ સમાવેશ થાય છે. જેનો અહેવાલ નીચે મુજબ છે.

આદર્શ નિવાસી શાળા(કું), અંકલેશ્વર
તા - ૦૫-૦૨-૨૦૨૧

તારીખ ૨૫-૦૧-૨૦૨૧ ના રોજ ઈન્ટર્નશીપની શરૂઆત થઈ હતી. સૌપ્રથમ તો થોડા દિવસ તાલીમાર્થી ધોરણ-10 માં ગણિત અને વિજ્ઞાન વિષયનું અધ્યાપન કાર્ય કરવા જતાં તાલીમાર્થીને ક્રિયાત્મક સંશોધનના ભાગરૂપે એક સમસ્યા મળી હતી, જે આ મુજબ છે. "ધોરણ-10 ના વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં પાયાનું જ્ઞાન ધરાવતા નથી" તો આ સમસ્યા અંતર્ગત તાલીમાર્થીએ ક્રિયાત્મક સંશોધન હાથ ધર્યું હતું.

i) ક્રિયાત્મક સંશોધનની સમસ્યા:-
"આદર્શ નિવાસી શાળા(કું), અંકલેશ્વર ધોરણ-10 ના વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં પાયાનું જ્ઞાન ધરાવતા નથી.

ii) સમસ્યા ક્ષેત્ર:-
"આદર્શ નિવાસી શાળા [કુમાર], અંકલેશ્વર.

iii) સંશોધનના હેતુઓ:-
- વિદ્યાર્થીઓ પાયાનું જ્ઞાન મેળવે,
- વિદ્યાર્થીઓ ગણિતના દાખલા ગણતા શીખે.
- વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ દાખવે.
- વિદ્યાર્થીઓ ગાણિતિક સૂત્રો યાદ કરે.

iv) ક્રિયાત્મક ઉત્કલ્પના:- પ્રસ્તુત સંશોધન માટે નીચે મુજબના મુદ્દા પર ઉત્કલ્પના કરી.

i) ગણિત વિષય શીખવતી વખતે પ્રવૃત્તિ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં રસ દાખવતા થઈ શકે છે
ii) શિક્ષક શૈક્ષણિક સાધનો, TLM અને રસવાળી અધ્યાપન પદ્ધતિ અને

પ્રયુક્તિનો ઉપયોગ કરે તો વિદ્યાર્થીઓ ધ્યાન આપે.

iii) વિદ્યાર્થીને પાયાનું જ્ઞાન આપવામાં આવે તો તેઓ અભ્યાસમાં રસ લેતા થાય.

iv) વિદ્યાર્થીઓને પૂર્વજ્ઞાન લાગુ કરાવીએ તો નવી બાબત ઝડપથી શીખી શકે.

v) આયોજન અને અમલીકરણ:

- ક્રિયાત્મક સંશોધનનું આયોજન પ્રયોગકાર્યની રૂપરેખા પ્રમાણે કરવામાં આવ્યું છે. આ માટે સૌપ્રથમ આચાર્યશ્રી પાસેથી કાર્યની અનુમતિ માગી હતી. જેની રૂપરેખા નીચે મુજબ છે.

vi) મૂલ્યાંકન:-

પ્રસ્તુત પ્રાયોગિક કાર્યની રૂપરેખા પ્રમાણે અમલીકરણ બાદ નીચે મુજબનું મૂલ્યાંકન જણાયું હતું.

- વિદ્યાર્થીઓ સરળતાથી સરવાળા-બાદબાકી કરી શકતા હતા.
- વિદ્યાર્થીઓને 1 થી 10 સુધીના ઘડિયાનું જ્ઞાન મળ્યું હતું તેમજ 11 થી 20 ના ઘડિયામાં કેટલાંક વિદ્યાર્થીઓને મુશ્કેલી અનુભવાતી હતી.
- વિદ્યાર્થીઓ અપૂર્ણાંકના ગુણાકાર-ભાગાકાર કરી શકતા હતા.
- વિદ્યાર્થીઓએ ગુ.સા.અ. અને લ.સા.અ. કઈ રીતે કરવું તેની સમજ મેળવી હતી.
- વિદ્યાર્થીઓ અવયવ, સૂત્રો, વર્ગ-વર્ગમૂળ અને ઘન-ઘનમૂળ શીખ્યા.

vii) અનુકાર્ય:-

- વિદ્યાર્થીઓને સતત પુનરાવર્તન અને મહાવરો કરાવવાથી ઈચ્છિત પરિણામ મેળવી શકાય.
- અવાર-નવાર વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી અને મૂલ્યાંકન કરાવવાથી.
- સહઅભ્યાસિક પ્રવૃત્તિ વૈવિધ્યપૂર્ણ તેમજ નવીન પ્રકારની બનાવવી.
- સ્પર્ધાને અંતે જાહેર પ્રમાણપત્ર આપવું.

આમ, સમગ્ર ઈન્ટર્નશીપ દરમિયાન સંશોધકને ક્રિયાત્મક સંશોધન કરતાં અત્યંત આનંદ આવ્યો. આ કાર્ય અંતર્ગત સંશોધકનો અનુભવ ખૂબ જ સમૃદ્ધ અને માહિતીસભર રહ્યો. અને આ કાર્ય સંશોધક માટે અવિસ્મરણીય રહ્યું હતું.

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સમાજ ઉપયોગી પ્રવૃતિનો અહેવાલ
## (ફોટોગ્રાફ્સ મૂકવા)

નોંધ: (રક્તદાન કેમ્પ, ગ્રામ સફાઈ, વૃક્ષારોપણ, એઈડ્ઝ જાગરૂકતા રેલી, મતદાન જાગરૂકતા રેલી, નિરક્ષરતા નિવારણ અભિયાન, ચક્ષુદાન અને દેહદાન અંગેની જાગરૂકતા, ટ્રાફિક નિવારણ જાગરૂકતા અભિયાન, શાળા સ્વચ્છતા કાર્યક્રમ જેવી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરી શકાય.)

N.C.T.E એ રજૂ કરેલા બી.એડ્‌ના બે વર્ષના અભ્યાસક્રમમાં સત્ર-4 અંતર્ગત આઠ અઠવાડિયાની ઈન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓએ ઘણી પ્રવૃત્તિઓનું આયોજન કરવાનું હોય છે. જે પૈકી સમાજ ઉપયોગી પ્રવૃત્તિના આયોજનનો અહેવાલ નીચે મુજબ છે

આદર્શ નિવાસી શાળા (કું), અંકલેશ્વર
તારીખ:- ૨૬/૦૨/૨૦૨૧
વાર:- શુક્રવાર.

સૌપ્રથમ તારીખ ૨૬/૦૨/૨૦૨૧ ને શુક્રવારના રોજ આદર્શ નિવાસી શાળા (કું), અંકલેશ્વરમાં શાળા અને મેદાન સ્વચ્છતા કરવાનું કાર્ય તાલીમાર્થીઓ દ્વારા નક્કી કરવામાં આવ્યું. આથી શાળા અને મેદાન સ્વચ્છતા કરવા માટે પહેલા આચાર્યશ્રી પાસેથી પરવાનગી મેળવી. પરવાનગી મળ્યા બાદ વિદ્યાર્થીઓને પોતાની બુક, નોટબુક અને અન્ય સામગ્રીઓ લઈ વર્ગખંડની બહાર મૂકવાનું સૂચન કરવામાં આવ્યું. ત્યારબાદ વર્ગખંડમાં પાટલીઓને બહાર કાઢવામાં આવી અને વર્ગખંડની સાફ-સફાઈ કરાવવામાં આવી. બપોરે 02:30 વાગ્યેથી 03:30 વાગ્યા સુધીમાં બધાજ વર્ગખંડોની સફાઈ કરાવવામાં આવી. ત્યારબાદ 03:35 વાગ્યે બધા જ વિદ્યાર્થીઓને શાળાના મેદાનમાં લઈ જવામાં આવ્યા. ચાર વિદ્યાર્થીઓ થઈને બે કચરાપેટી લઈ આવ્યા. બધા વિદ્યાર્થીઓ ભેગા મળી શાળાના મેદાનમાંથી કચરો ભેગો કરી કચરાપેટીમાં નાખતા હતા. વિદ્યાર્થીઓના નાના-નાના ગ્રૂપ બનાવી શાળાના મેદાનની બધી જ જગ્યાએથી કચરો વીણી લેવામાં આવ્યો હતો અને કચરાપેટીમાં ભેગો કરવામાં

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સમાજ ઉપયોગી પ્રવૃતિનો અહેવાલ
## (ફોટોગ્રાફ્સ મૂકવા)

આવ્યો હતો.








ત્યારબાદ હું અને મારા સહતાલીમાર્થી દ્વારા આદર્શ નિવાસી શાળા (કું) અંકલેશ્વરના વિદ્યાર્થીઓને વૃક્ષોના મહત્વ વિશેની સમજ આપવામાં આવી. શાળામાં છોડના કૂંડા અને મેદાનમાં ઘણા વૃક્ષો તેમજ નાની વનસ્પતિઓ હતી આથી આ છોડ, વનસ્પતિ અને વૃક્ષોને પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં બોરની સુવિધા હતી. આથી

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સમાજ ઉપયોગી પ્રવૃતિનો અહેવાલ
## (ફોટોગ્રાફ્સ મૂકવા)

બે થી ચાર વિદ્યાર્થીઓ પાસે પાણીની પાઈપ મંગાવવામાં આવી. પાઈપ લીકેજ હતી અને પાઈપના બે થી ત્રણ નાના ભાગો હતા. આથી પ્રથમ તો આ પાઈપને જોડવામાં આવી અને ત્યારબાદ બોર પાસે આવેલ નળમાં પાઈપ જોડવામાં આવી. અને વનસ્પતિ અને વૃક્ષોમાં પાણીનો છંટકાવ કરવામાં આવ્યો. જે જે વૃક્ષો પાસે પાઈપ પહોંચી ન શકે ત્યાં પાણી રેડવાના ચંબુ વડે પાણી ભરીને પહોંચાડવામાં આવ્યું. શાળામાં જે છોડ કૂંડામાં હતા તે બધા છોડમાં આ ચંબુ વડે પાણી આપવામાં આવ્યું.





આમ, આ સમગ્ર કાર્યક્રમને અંતે વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી કે હંમેશા શાળા અને મેદાનને સ્વચ્છ રાખીશું. અને બધા જ વિદ્યાર્થીઓને સૂચન કરવામાં આવ્યું કે શાળામાં રહેલા બધા જ છોડ, વૃક્ષોને પાણી આપવું જોઈએ. અઠવાડિયામાં 3 થી 4 દિવસ પાણી આપવું.

આમ, સમગ્ર ઈન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓને સમાજને ઉપયોગી એવું કાર્ય કરવાનું ભાગ્ય સાંપડ્યું હતું જેનો અનુભવ તાલીમાર્થીઓને અવિસ્મરણીય બની રહેશે.

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા આયોજિત વાલીઓ સાથે કરેલી મુલાકાતનો અહેવાલ

covid-19 મહામારીને કારણે તમામ શાળાઓમાં ઓનલાઈન શિક્ષણકાર્ય થતું હતું. આથી તમામ શિક્ષકગણ, પોતાના અનુકૂળ સ્થળેથી અધ્યાપન કરાવતા હતા, તેમજ તાલીમાર્થીઓ પણ ઈન્ટર્નશીપ દરમિયાન પોતાના ઘરેથી ઓનલાઈન અને ઓફલાઈન વિડિયો બનાવી શિક્ષણકાર્ય હાથ ધરતા હતા. કોરોના મહામારીને કારણે વાલીઓ પણ શાળાની મુલાકાત લઈ શકતા ન હોવાથી તાલીમાર્થીઓ દ્વારા વાલી સાથે મુલાકાત થઈ ન હતી. તેમજ વાલીમિટિંગનું આયોજન પણ કરી શકાયું ન હતું.

આમ, covid-19 મહામારીને કારણે તાલીમાર્થીઓ વાલી સાથે મુલાકાત ન કરી શક્યા. જેનો તાલીમાર્થીઓને અફસોસ છે.

Scanned with CamScanner

# ઇન્ટર્નશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - 3

શ્રી રંગ નવચેતન વિદ્યામંદિર,
વાલીયા.

તારીખ :- 12-10-2020 થી 18-12-2020

N.C.T.E. સૂચિત બી.એડ્‌ના બે વર્ષના અભ્યાસક્રમમાં ત્રીજા સત્રમાં બી.એડ્‌ની તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને જૂથમાં જુદી જુદી શાળાઓમાં સાત અઠવાડિયા માટે શાળાનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે ઇન્ટર્નશીપ કરવાની હોય છે. તો આ ઇન્ટર્નશીપમાં તાલીમાર્થી પોતે અને તેના પાંચ સહપાઠી સાથે તારીખ 12-10-2020 થી 18-12-2020 સુધી ઇન્ટર્નશીપનો સમય વિતાવ્યો હતો. અમારી ઇન્ટર્નશીપ આનંદપૂર્વક અને પૂરી જવાબદારી સાથે પૂરી કરી હતી.

સૌપ્રથમ હું અને મારા સહપાઠી સાથે અમે છ તાલીમાર્થી શ્રી રંગ નવચેતન વિદ્યામંદિર, વાલીયા શાળામાં ઇન્ટર્નશીપ માટે પરવાનગી મેળવી ત્યારબાદ તારીખ 12-10-2020 થી શાળામાં હાજર રહ્યા હતા. શાળાનો સમય 07:30 થી 12:30 નો હતો. કોરોના મહામારીને કારણે રોજ શાળાએ જવાનું ન હતું. એક દિવસ જવાનું અને બીજા દિવસે ઘરે રહીને તૈયારી કરતા હતા. શરૂઆતમાં અમે ઓનલાઈન પાઠ ન લઈ શક્યા કારણકે શાળામાં માઈક્રોસોફ્ટ ટીમ્સ પર પ્રથમવાર ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ કર્યું હતું અને અમારું ટાઈમટેબલ ન બન્યું હતું આથી અમે ઓફલાઈન વિડિયો બનાવતા હતા. ઓફલાઈન વિડિયો બનાવી આ વિડિયોને યુ-ટ્યુબ પર અપલોડ કરતા હતા અને ત્યારબાદ તેની લીંક અમે આચાર્ય સરને મોકલતા હતા. આચાર્ય સર આ વિડિયો જોઈ ત્યારબાદ વિદ્યાર્થીઓને લિંક મોકલતા હતા. આ રીતે અમે બનાવેલો વિડિયો વિદ્યાર્થીઓ

Scanned with CamScanner

# ઇન્ટર્નશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - 3

સુધી પહોંચતો હતો. વર્તમાન સમયમાં કોરોના મહામારીને કારણે વધારે અનુભવ મેળવવાથી અમે વંચિત રહી ગયા પરંતુ ઓનલાઇન શિક્ષણને લગતી. ઘણી બધી નવી ટેક્નોલોજીથી પરિચિત થઈ શક્યા. વિવિધ વિડિયોમાં એડિટિંગ, એનિમેશન આપતા શીખ્યા, વિડિયો કટ(cut) કરતાં શીખ્યા, આમ; ઘણી નવી બાબતો શીખ્યા. પરંતુ દરેક બાબતના બે પાસા હોય છે તે જ રીતે ટેક્નોલોજીને કારણે શિક્ષણકાર્ય કઈંક અંશે સફળ તો થયું પરંતુ વિદ્યાર્થીઓ ઓનલાઇન શિક્ષણમાં વધુ સારી રીતે શીખી શકતા નથી. કારણકે ઘણા વિદ્યાર્થીઓ પાસે મોબાઈલ ફોનની સુવિધા ન હતી. અને ઈન્ટરનેટની સુવિધા જોઈએ એવી સારી ન હતી. આથી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.



(વર્ચ્યુઅલ નવરાત્રિ)




(ઓફલાઇન વિડિયો બનાવી શિક્ષણ કાર્ય)

# ઇન્ટર્નશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - 3

ઇન્ટર્નશીપમાં અમારે કુલ 37 પાઠ આપવાના હતા. જેમાંથી 19 પાઠ અધ્યયન પ્રયુક્તિ-1 ના અને 18 પાઠ અધ્યયન પ્રયુક્તિ-2 ના આપવાના હતા. આથી, મારી પ્રથમ પ્રયુક્તિ વિજ્ઞાનના કુલ 19 પાઠ આપ્યા હતા અને દ્વિતીય પ્રયુક્તિ ગણિતના કુલ 18 પાઠ આપ્યા હતા.

કોરોના મહામારીના કારણે અમે ઓફલાઇન રીતે વર્ગખંડમાં શિક્ષણકાર્ય ન કરાવી શક્યા પરંતુ અમે થોડા પાઠ ઓફલાઇન વિડિયો બનાવીને વિદ્યાર્થીઓને લિંક મોકલી હતી અને થોડા પાઠ ઓનલાઇન માઇક્રોસોફ્ટ ટીમ્સ પરથી લીધા હતા. આ રીતે ઘણાં પ્રયત્નો થકી અમે ઇન્ટર્નશીપના કુલ 37 પાઠ સફળતાપૂર્વક પૂરા કર્યા હતા.

કુલ 37 પાઠમાંથી બંને પ્રયુક્તિના એક એક પાઠ કોલેજના અધ્યાપક [મારા માર્ગદર્શક] પારુલ બી. રંડેલ મેડમને મોકલ્યા હતા. અને બે પાઠ શાળાના કાઉન્સેલર શિક્ષક નિતિનભાઈ એન. પટેલ ને યુ-ટ્યુબ પર અપલોડ કરેલ લિંક દ્વારા મોકલ્યા હતા. શિક્ષક અને કોલેજના અધ્યાપકે અમારા વિડિયો જોયા અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ઇન્ટર્નશીપ અંતર્ગત વિવિધ કાર્યો હાથ ધર્યા હતા જેવા કે વિદ્યાર્થીઓની નોટબુક તપાસવી, કાર્યાલયની મુલાકાત લેવી, પ્રયોગશાળાની મુલાકાત લેવી, હાજરીપત્રકનું અવલોકન કરવું વગેરે જેવા કાર્યો હાથ ધર્યા હતા. ઉપરાંત કમ્પ્યુટર રૂમની મુલાકાત લીધી હતી. બધા જ શિક્ષકોને મળ્યા હતા અને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું.

Scanned with CamScanner


# ઇન્ટર્નશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૩

- વિદ્યાર્થીઓને વર્ગખંડમાં રૂબરૂ ન મળી શક્યા તેનો અફસોસ રહી ગયો. કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે ઓનલાઈન શિક્ષણકાર્યનો એક નવો અનુભવ થયો અને ઓફલાઈન વિડિયો બનાવી યુ-ટ્યુબ પર અપલોડ કરવાનો સારો અવસર પ્રાપ્ત થયો.




(વિડિયો યુ-ટ્યુબ પર અપલોડ કરી શિક્ષણ કાર્ય કરાવ્યું)

(યુનિટ ટેસ્ટની નોટબુક તપાસી)



- આમ, સમગ્ર ઇન્ટર્નશીપ ખૂબ જ સારી રીતે પૂરી થઈ. આ સમગ્ર ઇન્ટર્નશીપ ખરેખર ખૂબ યાદગાર અને અવિસ્મરણીય રહી. આ ઇન્ટર્નશીપ ભવિષ્યમાં એક શિક્ષક તરીકે ખૂબ જ ઉપયોગી નીવડશે.

Scanned with CamScanner

# તાલીમાર્થીઓ દ્વારા આયોજિત વાલીઓ સાથે કરેલી મુલાકાતનો અહેવાલ

આદર્શ નિવાસી શાળા (કું), અંકલેશ્વરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સરકાર શ્રી વિનામૂલ્યે હોસ્ટેલની સુવિધા હોય છે. આથી વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહેતા હોય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ ડેડિયાપાડા, નેત્રંગ, સાગબારા, સેલંબા વિસ્તારના હતા. તેમજ covid-19 ની મહામારીને કારણે વાલીઓ શાળાએ આવી શકતા ન હતા. શાળા ઇન્ટર્નશીપ દરમિયાન બે-ત્રણ વાલીઓ સાથે મુલાકાત થઈ હતી તે દરમિયાન તેમની સાથે શિક્ષણ સંબંધી અને વિદ્યાર્થી સંબંધી થોડી વાતચીત થઈ હતી. કોરોના મહામારીને કારણે બધા વાલીઓ શાળાએ આવી શકતા ન હતા. તેમજ હોસ્ટેલમાં ઘણા બધા વિદ્યાર્થીઓ રહેતા હોવાથી વાલીને કારણે કોઈ વિદ્યાર્થીને કોરોના ન થઈ જાય તે બાબતને ધ્યાનમાં રાખી વાલીઓને પણ શાળાએ ન આવવું પડે તે પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવી હતી.

આમ, સમય, સંજોગ અને વર્તમાન પરિસ્થિતિ (covid-19 મહામારી) ને કારણે વાલીઓ સાથે મુલાકાત શક્ય ન બની શકી. તેનો અફસોસ છે.

Scanned with CamScanner

**ઇન્ટર્નશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪**

આદર્શ નિવાસી શાળા (કુ). અંકલેશ્વર
તારીખ:- ૨૫-૦૧-૨૦૨૧ થી
૨૦-૦૩-૨૦૨૧

દ્વિતીય વર્ષ બી.એડ (સેમેસ્ટર-4) ના NCTE ના શૈક્ષણિક વર્ષ 2015-16 ના નવા બદલાયેલા અભ્યાસક્રમમાં આઠ અઠવાડિયાની ઈન્ટર્નશીપનો સમાવેશ કર્યો છે. આ ઈન્ટર્નશીપ દરમિયાન તાલીમાર્થીઓએ 39 પાઠ આપવાનાં હોય છે. તો આ ઈન્ટર્નશીપમાં તાલીમાર્થી પોતે અને તેની કોલેજના એક સહતાલીમાર્થી અંકિતાબેન અને અન્ય કોલેજના એક તાલીમાર્થી જલાલુદ્દીનભાઈ સાથે તારીખ 25-01-2021 થી 20-03-2021 સુધી ઈન્ટર્નશીપનો સમય વિતાવ્યો હતો. અને ઈન્ટર્નશીપ આનંદપૂર્વક અને પૂરી જવાબદારી સાથે પૂરી કરી હતી.

આ ઈન્ટર્નશીપમાં તાલીમાર્થીના પ્રથમ પદ્ધતિ વિજ્ઞાન અને બીજી પદ્ધતિ ગણિતના વિષયશિક્ષક ઈલ્યાસ અરબ સર હતા. તાલીમાર્થીએ ધોરણ-9 ના બે વર્ગ અને ધોરણ-10 ના બે વર્ગમાં ગણિત અને વિજ્ઞાન વિષયના તાસ લઈ વિજ્ઞાન વિષયમાં 20 પાઠ અને ગણિત વિષયમાં 19 પાઠ આપ્યા હતા. આ ઉપરાંત તાલીમાર્થીએ ધોરણ-10 ના વિદ્યાર્થીઓ કે જેઓ ગણિત વિષયમાં પાયાનું જ્ઞાન ખૂબ જ ઓછું અથવા નહિવત્ ધરાવતા હતા ત્યાં પણ પોતાના તાસ લઈ વિદ્યાર્થીના પાયાના જ્ઞાનને પાકુ કરાવ્યું હતું.


પ્રથમ દિવસ 25-01-2021 ના રોજ શાળાના આચાર્યશ્રી ને મળી પરવાનગી પત્ર આપી પરવાનગી મેળવી અને શાળાના ધોરણ અને વર્ગ અનુસારનું સમયપત્રક મેળવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિજ્ઞાન અને ગણિત વિષયના વિષય શિક્ષક ઈલ્યાસ અરબ સર સાથે મુલાકાત કરી શાળા અને વિદ્યાર્થીઓ અંતર્ગત માહિતી મેળવવામાં આવી. ત્યારબાદ શાળાના શિક્ષકગણ સાથે મુલાકાત કરી


Scanned with CamScanner

## ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

તેમનાથી પરિચિત થયા.

ઈન્ટર્નશીપ અંતર્ગત શાળાનો સમય સોમવારથી શુક્રવાર અંતર્ગત 11:00 થી 05:00 અને શનિવારના રોજ 07:30 થી 11:05 નો સમય હતો. 26-01-2021 ને મંગળવારના રોજ પ્રજાસત્તાક દિવસે શાળાનો સમય 08:00 વાગ્યાથી 10:00 વાગ્યાનો હતો.







26-જાન્યુઆરી-2021

(પ્રજાસત્તાક દિનની ઉજવણી)

⇒ પરેડ
(કદમ તાલ)

Scanned with CamScanner

# ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

પ્રજાસત્તાક દિન નિમિત્તે વિદ્યાર્થીઓને મેદાનમાં લઈ જઈ બેસાડવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓને ઊભા કરી રાષ્ટ્રગીત અને ઝંડાગીત ગાવાનો આદેશ કરી ગાન કરાવવામાં આવ્યું. ત્યારબાદ રાષ્ટ્રધ્વજને સલામી કરવાનું સૂચન કરવામાં આવ્યું. પછી આચાર્યશ્રી અને શિક્ષકોએ પ્રજાસત્તાક દિન નિમિત્તે પોતાની વાતો રજૂ કરી, શહીદોની યાદ અપાવી. સર્વધર્મસમભાવ, બિનસાંપ્રદાયિકતા અને દેશને લગતી વિવિધ માહિતી આપી. અંતે વિદ્યાર્થીઓને પરેડ કરાવવામાં આવી. અંતે વિદ્યાર્થીઓને ચોકલેટ આપી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો.

તારીખ ૨૭-૦૧-૨૦૨૧ ને બુધવારના રોજથી શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું. ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં શિક્ષણકાર્ય કરાવવામાં આવતું હતું જ્યારે ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને covid-19 ને કારણે અને સરકારશ્રીના આદેશ અનુસાર ઓનલાઈન શિક્ષણકાર્ય કરાવવામાં આવતું હતું ઓનલાઈન શિક્ષણકાર્ય માઈક્રોસોફ્ટ ટીમ્સ પર થતું હતું. ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને જ ફક્ત 'microsoft teams' પર ઓનલાઈન તાસ લઈ શિક્ષણકાર્ય કરાવવામાં આવતું હતું. ઓનલાઈન શિક્ષણકાર્ય અંતર્ગત વિદ્યાર્થીઓની આર્થિક સમસ્યા નેટવર્ક અને ઈન્ટરનેટની સમસ્યાને કારણે 3 થી 4 વિદ્યાર્થીઓ microsoft teams પર જોડાતા હતા. આ વિદ્યાર્થીઓ સાથે વૉટ્સએપ પર પણ લખાણ મોકલવામાં આવતું હતું.



ઓનલાઈન શિક્ષણકાર્ય

અને ગૃહકાર્ય વૉટ્સએપ પર મોકલતા હતા. આમ, ઓનલાઈન શિક્ષણકાર્ય અંતર્ગત ઘણા વિદ્યાર્થીઓ (3 થી 4) અભ્યાસ બાબતે ગંભીર ના હોય એમ કહી શકાય.

Scanned with CamScanner

# ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

ધોરણ-10ના વર્ગમાં દરરોજ બે પીરિયડ તાસ તાલીમાર્થી દ્વારા લેવામાં આવતા હતા.

તારીખ 17/02/2021 ના રોજ શાળામાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થી દ્વારા બેટ-બોલની વ્યવસ્થા કરવામાં આવી હતી. 17/02/2021 ના રોજ 03:00 વાગ્યે ક્રિકેટ ટુર્નામેન્ટ શરૂ કરવામાં આવી હતી. તે દરમિયાન ફાઇનલ મેચ બાકી રહી ગઈ હતી. જે 19/02/2021 ના રોજ રાખવામાં આવી હતી. આમ, ક્રિકેટ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી હતી. તારીખ 26/02/2021 ના રોજ અંતાક્ષરી અને સાથી-શોધ રમતનું આયોજન તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળતાપૂર્વક પૂરી પાડી તાલીમાર્થીએ એક સારો અનુભવ પ્રાપ્ત કર્યો.



(ક્રિકેટ ટુર્નામેન્ટ)



(સાથી- શોધ)

તારીખ 06/02/2021 ના રોજ ગાલા આસાઇનમેન્ટના પુસ્તકોની સમજ આપી 08/02/2021 ને સોમવારના રોજ આ અસાઇનમેન્ટના પુસ્તકોની ચકાસણી લેવામાં આવી હતી. તારીખ 09-02-2021 ને મંગળવારના રોજ ધોરણ-9 માં અવલોકન

# ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

અને ધોરણ-10 ના વર્ગખંડમાં ઓફલાઈન શિક્ષણકાર્ય કરાવ્યા બાદ વિજ્ઞાન પ્રયોગશાળાની મુલાકાત લીધી હતી. પ્રયોગશાળામાં ધોરણ-9-10 ના વિજ્ઞાનના ઘણાં T.L.M. જોવા મળ્યા તેમજ વિવિધ રસાયણો પણ હતા. તારીખ ૨૫|૦૨|૨૦૨૧ ને બુધવારના રોજ શાળાના પુસ્તકાલયની મુલાકાત લીધી. ત્યાંથી એક પુસ્તક પણ લીધી, તેમાંથી કેટલીક બાબતો વાંચી હતી.

તારીખ ૦૩|૦૩|૨૦૨૧ ને બુધવારના રોજ ડેડિયાપાડાના વિસ્તારના જંગલ વિભાગના પોલીસ અધિકારીને શાળામાં આવવા માટેનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. આથી બે ફોરેસ્ટ અધિકારી શાળામાં આવી વિદ્યાર્થીઓને પર્યાવરણનું મહત્વ, રાષ્ટ્રીય ઉદ્યાન, જંગલો, અભયારણ્ય વગેરે વિષેની માહિતી આપી. આ દરમિયાન પર્યાવરણ, રાષ્ટ્રીય ઉદ્યાન, પ્રાણીઓ, અભયારણ્ય અંતર્ગત પ્રશ્નો પણ હતા. જે પ્રશ્નના ચાર જવાબ(MCQ) આપવામાં આવતા હતા. સાચો જવાબ આપનારને બોલપેન આપવામાં આવતી હતી.





[વિશ્વ વન્ય પ્રાણી દિનની ઉજવણી ૨૦૨૦-૨૧]

આમ, વિશ્વ વન્ય પ્રાણી દિનની ઉજવણી અંતર્ગત અમારો અનુભવ ખૂબ જ સારૂ અને માહિતીસભર રહ્યો.

Scanned with CamScanner

# ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

શાળામાં પ્રયોગશાળામાં રહેલી સાધનસામગ્રીઓ અને અન્ય જરૂરી સાધનસામગ્રી લાવી શાળા માટે એક કેલિડોસ્કોપ બનાવ્યો હતો. તારીખ 08/03/2021 ના રોજ ધોરણ-10 ના વર્ગમાં Quiz competition નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. Quiz માટે વર્ગખંડમાં રહેલા તમામ વિદ્યાર્થીઓમાંથી કુલ 3 ટીમ બનાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને Quiz competition માં ખૂબ મજા પડી હતી.






તારીખ 02/03/2021 થી 18/03/2021 સુધી તાલીમાર્થી દ્વારા ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. ક્રિયાત્મક સંશોધનનો વિષય આ પ્રમાણે હતો. "ધોરણ-10 ના વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં પાયાનું જ્ઞાન ધરાવતા નથી" આ દરમિયાન વિવિધ ચાર્ટ, ચિત્રો, TLM, બ્લોક, દસ્તર, રોલ-અપ બોર્ડ વગેરેનો ઉપયોગ કરી શિક્ષણને રસમય બનાવી વિદ્યાર્થીઓને પાયાનું જ્ઞાન આપવામાં આવ્યું. આ કાર્ય થકી ઘણા વિદ્યાર્થીઓ ગણિત વિષયની કેટલીક સામાન્ય બાબતો શીખી શક્યા.

Scanned with CamScanner

# ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

તારીખ ૦૨/૦૩/૨૦૨૧ ને મંગળવારના રોજ ધોરણ-૭ ના વિદ્યાર્થીઓના ઓફલાઈન વર્ગખંડમાં શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યા. શાળા સાથે હોસ્ટેલમાં રહેવાની સુવિધા હતી. covid-19 ને કારણે હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન વર્ગખંડ શિક્ષણકાર્ય હોસ્ટેલમાં ન રહેતા વિદ્યાર્થીઓ કરતાં મોડેથી શરૂ કરવામાં આવ્યા હતા. આથી, ધોરણ-૭ ના વિદ્યાર્થીઓને કોરોનાને કારણે અભ્યાસમાં ઘણું નુકશાન થયું છે.

તારીખ 15/03/2021ને સોમવારના રોજ ધોરણ-૭ ના વર્ગમાં ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણા વિદ્યાર્થીઓએ ખૂબ સારું ચિત્ર રજૂ કર્યું હતું. આ ચિત્રો પ્રદૂષણ અટકાવો એ વિષય પર દોરવામાં આવ્યા હતા. આથી પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણનું સંરક્ષણ અને સંવર્ધન કરવા માટેની એક ખૂબ જ મહત્વની પ્રવૃત્તિ કહી શકાય.



[ચિત્રસ્પર્ધા]

તારીખ 13/03/2021 ને શનિવારના રોજ અમારા માર્ગદર્શક અધ્યાપક " ડૉ. પારૂલ બી. દંડિયા મેડમ " અમારા બે મેથડના પાઠનું અવલોકન કરવા માટે આવ્યા હતા. શનિવારે 08:30 વાગ્યે શાળાએ પહોંચ્યા હતા. આચાર્યશ્રી સાથે મુલાકાત કરી ચાર તાલીમાર્થીઓના પાઠ અવલોકન કરવાની પરવાનગી અગાઉથી મેળવી લીધી હતી અને ટાઈમટેબલ પણ બનાવવામાં આવ્યું

## ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

હતું. આમ, મેડમ દ્વારા સફળતાપૂર્વક પાઠનું અવલોકન કરવામાં આવ્યું હતું.

તારીખ 19/03/2021 થી ધોરણ-9 અને ધોરણ-10 ની પરીક્ષા શરૂ થતી હોવાથી 18/03/2021 ના રોજ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ક્રિયાત્મક સંશોધન અંતર્ગત વિદ્યાર્થીઓ ગણિત વિષયમાં પાયાનું જ્ઞાન મેળવી શક્યા કે નહિ તે માટે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું.

તારીખ 19/03/2021 અને 20/03/2021 ના રોજ વિદ્યાર્થીઓની પરીક્ષા હોવાથી તાલીમાર્થીઓએ પરીક્ષા દરમિયાન વર્ગખંડમાં સુપરવિઝન કર્યું હતું. ધોરણ-9 ના વિદ્યાર્થીઓનું 2 કલાકનું પેપર હતું જ્યારે ધોરણ-10 ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માટે 3 કલાક હતા.






આમ, પરીક્ષા દરમિયાન સુપરવિઝન કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો. આ અંતર્ગત મારો અનુભવ ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહ્યો.

Scanned with CamScanner

# ઇન્ટર્નશશીપ કાર્યક્રમનો સંક્ષિપ્ત અહેવાલ સેમેસ્ટર - ૪

તારીખ 20/03/2021ને શનિવારના રોજ તાલીમાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળા (કુ) અંકલેશ્વરમાં ઈન્ટર્નશીપનો અંતિમ દિવસ હતો. આથી શનિવારના રોજ પરીક્ષાનો સમય 08:00 વાગ્યાથી 11:00 વાગ્યાનો હતો. પરીક્ષાનું પેપર પૂરું થયા બાદ બધા વિદ્યાર્થીઓને 10 મિનિટની રિસેસ આપી પ્રાર્થનાખંડમાં ભેગા થવાનું સૂચન કરવામાં આવ્યું હતું. પ્રાર્થનાખંડમાં આચાર્યશ્રી, શિક્ષકગણ, તાલીમાર્થી અને વિદ્યાર્થીઓ સમયસર હાજર થયા હતા. ત્યારબાદ તાલીમાર્થી વિલાસભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી તેમજ વિદ્યાર્થીઓને પસંદ પડે તેવી વાર્તા કહી અને અંતે પ્રેરણાદાયી વાતો કરી પોતાના વક્તવ્યને વિરામ આપ્યો હતો. ત્યારબાદ અન્ય તાલીમાર્થી, આચાર્યશ્રી તેમજ શિક્ષકગણ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કોરોનાને કારણે ટૂંકમાં સમાપ્ત કર્યો હતો.





Scanned with CamScanner

કાર્યક્રમને અંતે શિક્ષકગણનો, આચાર્યશ્રીનો, પ્રવાસી શિક્ષકનો આભાર બદલ એક ભેટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના સાથ-સહકાર તેમજ વિવિધ પ્રવૃત્તિઓમાં સારો દેખાવ કરવા બદલ બોલપેન અને ચોકલેટનું વિતરણ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ શાળા માટે તાલીમાર્થીઓ દ્વારા અબોલી નામના ફૂલ છોડને ભેટ સ્વરૂપ તેમજ યાદગીરી સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

આમ, સમગ્ર ઈન્ટર્નશીપ તાલીમાર્થી માટે ખૂબ જ યાદગાર રહી. જેમાં થકી તેના જ્ઞાનમાં ખૂબ જ વધારો થયો અને જરૂરી અનુભવો પણ મળ્યા. આથી તાલીમાર્થી પોતાના પ્રધ્યાપક ગણનો પણ આભાર વ્યક્ત કરે છે.

Scanned with CamScanner